# રિક્ષા સરખી ચલાવવાનું કહેતા ધોકા વડે માર માર્યો, કારના કાચ ફોડી નાખ્યા

## ફુલસરમાં ચાર શખ્સોએ ખુલ્લેઆમ દાદાગીરી કરી આતંક મચાવ્યો

ભાવનગર,તા.૭

શહેરના ચિત્રા વિસ્તારમાં રહેતા યુવક પોતાની કાર લઈને જતા સમયે રિક્ષા સામે આવતા રિક્ષા ચાલકને યોગ્ય રીતે ચલાવવાનું કહેતા બોલાચાલી થઈ હતી. યુવક ફુલસરના ઠાકર દ્વારા પાસે લગ્ન પ્રસંગમાં ગયો હતો તે દરમિયાન ચાર શખસોએ યુવકને ધોકાના ઘા મારી કારના કાચ તોડી નાંખ્યા હતા તેમજ જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી. સમગ્ર મામલે બોરતળાવ પોલીસે ચાર શખસો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે બોરતળાવ પોલીસ સ્ટેશનથી મળતી માહિતી અનુસાર ભાવનગર શહેરના ચિત્રા વિસ્તારમાં મસ્તરામ બાપાના મંદિર પાસે રહેતા મનિષભાઈ બટુકભાઈ ચૌહાણે બોરતળાવ પોલીસ મથકમાં ફુલસર વિસ્તારના રાહુલ અલગોતર, રવિ અલગોતર, મહેશ ભરવાડ અને માધો ભરવાડ સામે ફરિયાદ નોંધાવી હતી કે ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬એ સાંજના ફરિયાદી પોતાની કાર લઈને જતા હતા. ત્યારે મસ્તરામ બાપાના મંદિર સામે એક રિક્ષા ચાલકે સામે રિક્ષા ચલાવતા તેને સરખી ચલાવવાનું કહેતા બોલાચાલી થઈ હતી. તેની દાઝ રાખી રાત્રિના તેઓ શહેરના ફુલસર વિસ્તારના ઠાકરદ્વારા પાસે સરકારી સ્કૂલ આગળ લગ્ન પ્રસંગમાં ગયા હતા. ત્યારે ચારેય શખસે આવી તે કેમ અમારી રિક્ષા ઉભી રખાવી તેમ કહી તેના પર હુમલો કરી ધોકા વડે માર મારી ઈજા પહોંચાડી હતી. બાદમાં શખસોએ ધમકી આપતા કહ્યું કે હવે પછી જો તું અમારા રિક્ષાવાળાને કંઈ કહીશ તો જાનથી મારી નાખીશુ. અને જતા-જતા કારના કાચ ફોડી નાખ્યા હતા. આ બનાવના પગલે બોરતળાવ પોલીસે તમામ શખસો સામે BNS એક્ટ ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪, તેમજ જીપી એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# જુની કર પદ્ધતિના ઘરવેરા-પાણીવેરાના ૩૬.૯૨ લાખ માફ કરવા સ્ટેન્ડિંગમાં દડો

## ૬૭૬૧ કરદાતાઓ પાસેથી વસુલવાની થતી રકમ અંગે સક્ષમ સત્તા નિર્ણય કરશે

ભાવનગર,તા.૭

ભાવનગર કોર્પોરેશનના વર્ષોથી બાકી વેરા વસુલાત નથી અને કાગળ પર ખેંચાતા આવે છે. હાલમાં પણ કારપેટ એરિયા કર પદ્ધતિના ૪૨૭ કરોડનો અને જૂની કર પદ્ધતિના ૨૦૪ કરોડ વેરો વસૂલવાનો બાકી છે ત્યારે લાંબા સમયથી ચાલતી ચર્ચાઓના અંતે જૂનીકર પદ્ધતિમાં ૧૦૦૦ સુધીની નાની બાકી રકમ ધરાવતા ૬૭૬૧ કરદાતાઓની ૩૬.૯૨ લાખની ડિમાન્ડ માંડવાળ કરવાનો દડો કમિશનરે સક્ષમ સત્તાના પટમાં નાખ્યો છે. જેનો આગામી સ્ટેન્ડિંગમાં નિર્ણય થશે.




ભાવનગર કોર્પોરેશનમાં વર્ષ ૧૯૯૭ થી ૨૦૧૩ સુધી જૂની કર પદ્ધતિ હતી અને ત્યારબાદ કારપેટ એરિયા કર પદ્ધતિનો અમલ થયો છે. પરંતુ જૂનીકર પદ્ધતિમાં પાણી વેરો અને ઘરવેરો અલગ અલગ લેવામાં આવતા હતા. જૂનીકર પદ્ધતિમાં ૨.૪૦ લાખ જેટલા કરદાતાઓ છે. અને તેમની પાસેથી ૨૦૪ કરોડ વસૂલવાના બાકી છે. પરંતુ કોર્પોરેશન દ્વારા જૂની કર પદ્ધતિનો હિસાબ કિતાબ ક્લિયર થાય તે માટે ચાર વર્ષનો વેરો ભરપાઈ કરે તો જૂની મુદ્દલ અને વ્યાજ માફ કરવાની યોજના પણ અમલમાં છે અને સતત મુદત વધારવામાં આવી રહી છે. તેમ છતાં કરદાતાઓ નિષ્ક્રિય છે. આ વર્ષે પણ ૧૮૭૫ કરદાતાઓએ ૨.૪૦ લાખનો વેરો ભરપાઈ કર્યો છે.

આમ કોર્પોરેશન દ્વારા જૂની કર પધ્ધતિ માટે યોજનાઓ લાવવા છતાં હિસાબ ક્લિયર થતો નથી અને કોર્પોરેશન પણ ૨૦૪ કરોડની બાકી વસુલાતમાંથી બહાર આવતું નથી. તેવી જ રીતે જૂનીકર પદ્ધતિમાં નાની નાની રકમ બાકી હોય તેવા પણ અનેક કરતા ઓછી છે. કે જે રકમની વસુલાત પણ કોર્પોરેશનને મોંઘી પડે તેમ છે.

૦ થી ૧૦૦૦ રૂપિયા સુધીની પાણી કર સહિતની નાની રકમ બાકી હોય તેવા ૬,૭૬૧ કરદાતાઓ છે. અને તેમનો રૂ.૩૬,૯૨,૭૭૮ની ડિમાન્ડ છે, જે વસુલવા કોર્પોરેશનને લાખો રૂપિયાના પગારદાર મેન પાવરને રોકવા પણ મુશ્કેલ છે. ત્યારે આ રકમ માંડવાળ કરવા માટે કમિશનર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે અને આગામી ૧૦મી ફેબ્રુઆરીએ મળનારી સ્ટેન્ડિંગ કમિટીમાં તેનો નિર્ણય કરાશે.

ઘરવેરાની જૂની કર પદ્ધતિમાં ૦ થી ૧૦૦૦ સુધીની પાણી ફી સહિત નાની બાકી રકમ માંડવાળ કરવા વિભાગ દ્વારા દરખાસ્ત કરતા પાણી ફી ની રકમ માંડવાળ કરવા વોટર વર્ક્સ અને લીગલ વિભાગના અભિપ્રાયમાં વિસંગતતા હતી. અંતે કોર્પોરેશનના પેનલ એડવોકેટનો અભિપ્રાય લીધા બાદ વસુલ ન થઈ શકે તેવા કર માંડી વાળવાની જોગવાઈ હોવાનું તારણ નીકળ્યું છે. જેથી હવે સક્ષમ સત્તા તેનો નિર્ણય કરશે.

# મસ્જીદમાં આપઘાત વ્હોરનાર આધેડની સ્યુસાઈડ નોટમાં બે નામનો છે ઉલ્લેખ !

## બંને શખ્સો પાસેથી મોટી રકમ બાકી હોવા છતાં પૈસા નહીં ચુકવતા આધેડ આર્થિક ભીંસમાં મુકાયા હતા

ભાવનગર,તા.૭

ભાવનગર શહેરમાં રહેતા સ્ક્રેપના આધેડ વેપારીએ જમનાકુંડ વિસ્તારમાં આવેલ મસ્જીદમાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ બનાવમાં પોલીસને ઘટના સ્થળેથી એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જે મામલે ગંગાજળિયા પોલીસ મથકના તપાસનીશ અધિકારી પી.એસ.આઈ. એ જણાવ્યું હતું કે, વેપારી આધેડે લાખો રૂપિયાની ઉઘરાણી પરત ન આવતા શહેરમાં રહેતા બે લોકોના નામ સ્યુસાઈડ નોટમાં લખ્યા છે.



શહેરના શિશુવિહાર વિસ્તારમાં રહેતા અને સ્ક્રેપના વ્યવસાય સાથે સંકળાયેલા મુસ્તુફાભાઈ આદમભાઈ જાકા (ઉ.વ.૫૨) એ જમનાકુંડ વિસ્તારમાં આવેલ કે.જી.એન. મસ્જીદમાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા વ્હોરી લેતા મોટી સંખ્યામાં લોકોના ટોળા વળ્યા હતા. ઘટના બાદ પરિવારના સભ્યોને જાણ થતાં આભ ફાટી પડ્યું હતું અને કમાનાર વ્યક્તિનું અવસાન થતાં પરિવારમાં ભારે શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

આ કેસની તપાસ કરી રહેલા ગંગાજળિયા પોલીસ મથકના પી.એસ.આઈ જણાવ્યું હતું કે, અમને રૂમાલમાં વીંટાળેલી એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી અને આ સ્યુસાઈડ નોટમાં મોટી રકમ લેવાની નિકળતી હોય તેવા શહેરમાં રહેતા બે વ્યક્તિના નામ પણ મૃતક દ્વારા લખવામાં આવ્યા છે. હાલ આ બંન્ને વ્યક્તિઓને કારણે મુસ્તુફાભાઈએ આત્મહત્યા કરી હોય તેવું પ્રતિત થાય છે પરંતુ તપાસમાં જે કંઈ તથ્ય બહાર આવશે તે દિશામાં આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# ઉમરાળા તાલુકાના રતનપરમાં કંપનીના સુપરવાઈઝર પર હુમલો કરી લૂંટ ચલાવાઈ

## સોલાર પ્રોજેક્ટના સુપરવાઈઝરને મારી રેતી કેમ ના ખરીદી તેમ કહી ઢીકા પાટુ તેમજ લાકડીના ધોકાથી ગંભીર માર માર્યો

ભાવનગર,તા.૭

ઉમરાળાના રતનપર ગામમાં રહેતા શખ્સે પેનીલા કંપનીના સોલાર પ્રોજેક્ટના સુપરવાઈઝરને મારી રેતી કેમ ના ખરીદી તેમ કહી, ધોકા સાથે ધસી આવી, આતંક મચાવ્યો હતો અને બાદમાં ઉમરાળાના શખ્સે કંપનીના સુપરવાઝરને ઢીકા પાટુ તેમજ લાકડીના ધોકાથી ગંભીર મારમારી, સુપરવાઈઝરના ખીસ્સામાંથી ૫૦૦૦ રૂપિયાની લૂંટ કરી ફરાર થઈ જતાં કંપનીના સુપરવાઈઝરે ઉમરાળાના રતનપર ગામના શખ્સ વિરૂદ્ધ ઉમરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

ભાવનગર શહેરમાં નિર્ભય સોસાયટીમાં રહેતા અને પેનીલકા સોલાર કંપનીમાં સાઈડ સુપરવાઈઝર તરીકે નોકરી કરતા હરૂભા અભેસિંહ ઝાલાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, આઠેક માસ અગાઉ તેમની કંપની દ્વારા ઉમરાળાના રતનપર ગામે સોલાર પ્રોજેક્ટ શરૂ કરવામાં આવેલ હતો.જે દરમિયાન ઉમરાળાના રતનપર ગામનો શખ્સ કુલદિપસિંહ પરાક્રમસિંહ ગોહિલ કંપનીના સોલાર પ્રોજેક્ટના સ્થળ પર આવી, સુપરવાઈઝરને કહેલ કે, તમારા પ્લાન્ટમાં મારી રેતી, કપચી અને જે.સી.બી.નો ઉપયોગ કરવો પડશે.

આથી સુપરવાઈઝરે તેમની કંપની પાસેથી કપચી, રેતી સહિતના રૂપીયાની ચુકવણી કરેલ. તદ્ઉપરાંત દોઢેક માસ અગાઉ કુલદિપસિંહ પાસેથી ખરીદ કરેલ રેતીની ગુણવત્તા ખરાબ આવતા, કડીયા દ્વારા સુપરવાઈઝરને ફરિયાદ કરાઈ હતી. જેથી કંપની દ્વારા અન્ય સપ્લાયરની રેતી ખરીદ કરવામાં આવતા, રતનપર ગામનો કુલદિપસિંહ કંપનીના સ્થળ પર લાકડી સાથે ધસી આવી, સુપરવાઈઝર સાથે બોલાચાલી કરી, લાકડીના ધોકાથી મારમારી, સુપરવાઈઝરના ખીસ્સામાંથી પાંચ હજાર રૂપિયાની લૂંટ મચાવી, ગંભીર ઈજા કરી ફરાર થયો હતો જે બાદ હરૂભા અભેસિંહ ઝાલાએ રતનપરના કુલદિપસિંહ પરાક્રમસિંહ ગોહિલ વિરૂદ્ધ ઉમરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા ‘બજેટ પર સંવાદ’ યોજાયો

પંડીત દીનદયાળજી ભવન ખાતે ગુજરાતના પૂર્વ મંત્રી ભાનુબેન બાબરીયાની વિશેષ ઉપસ્થિતિમાં શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા ’બજેટ પર સંવાદ’ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવેલ, જેમાં મુખ્ય વકતા ભાનુબેન બાબરીયાએ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામનજી દ્વારા રજૂ કરવામાં આવેલ કેન્દ્રીય બજેટમાં દેશના સર્વાંગી વિકાસમાં મહિલાઓની ભાગીદારી અને મહિલા સશકિતકરણના વિષય પર વક્તવ્ય આપ્યું હતું. આ સંવાદમાં શહેર સંગઠનના પૂર્વ હોદ્દેદારો, તેમજ મહિલા મોરચાના અધ્યક્ષ સહિત હોદ્દેદારો, કાર્યક્રમના





ઈન્ચાર્જઓ શહેર અને વોર્ડના તમામ મહિલા હોદ્દેદારો, કાર્યકર્તાઓ તેમજ વિવિધ સંસ્થાઓ અને એસોસિએશનના બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સીમા સુરક્ષાની જાગૃતિ અર્થે કોસ્ટલ સાયકલોથોનનું ગોપનાથમાં આગમન

## ગ્રામજનોએ આ સાયકલ યાત્રાને કુમ કુમ તિલક કરીને તથા પુષ્પવર્ષા કરી વધાવી

ભાવનગર,તા.૭

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (CISF) દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા અને એકતાના સંદેશ અને સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત થીમ સાથે આયોજિત “વંદે માતરમ કોસ્ટલ સાયકલોથોન-૨૦૨૬નું તળાજા તાલુકાના ગોપનાથ ગામે આગમન થયું હતું.

આ પ્રસંગે આયોજિત વિશેષ કાર્યક્રમમાં ભાવનગર જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને CISF ભાવનગર યુનિટના જવાનો દ્વારા સાયકલ યાત્રીઓનું સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું.ગ્રામજનોએ આ સાયકલ યાત્રાને કુમ કુમ તિલક કરીને તથા પુષ્પવર્ષા કરી વધાવી હતી. ગોપનાથ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં જિલ્લા યુવા વિકાસ અધિકારી તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા દેશભક્તિના ગીતો વંદે માતરમ, ભવતું ભારતમ સહિતના ગીતો પર સ્થાનિક કલાકારો દ્વારા પ્રસ્તુત સાંસ્કૃતિક કાર્યક્રમોએ ગ્રામજનોમાં અનેરો ઉત્સાહ ભર્યો હતો.

આ દેશ ભક્તિના સાંસ્કૃતિક કાર્યક્રમોથી વાતાવરણમાં જોશ અને ઉર્જાનો સંચાર કર્યો હતો CISF ના જવાનો અને ગામલોકો વચ્ચે યોજાયેલ વિવિધ રમતોમાં વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

સાયકલ યાત્રાએ ગોપનાથ મહાદેવ મંદિરથી તળાજા, કોબડી, નારી ચોકડી, ધોલેરાથી વટામણ ચોકડીના રૂટથી આગળ પ્રસ્થાન કર્યું હતું.આ તકે ધારાસભ્ય ગૌતમભાઈ ચૌહાણએ જણાવ્યું હતું કે પશ્ચિમ કિનારાની સાયકલ યાત્રાની ટીમે ૨૮ જાન્યુઆરીએ કચ્છના ઐતિહાસિક લખપત કિલ્લાથી પ્રસ્થાન કર્યું હતું.આશરે ૬૫૦૦ કિમી લાંબી આ યાત્રા ૨૨ ફેબ્રુઆરીએ કેરળના કોચી ખાતે સંપન્ન થશે. આ યાત્રામાં ૫૦ ટકા જેટલી મહિલા સાયકલોવીરોની ભાગીદારીએ ‘નારી શક્તિ’નું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.ભારતની દરિયાઈ સીમાઓની સુરક્ષામાં CISF ની ભૂમિકા અત્યંત મહત્વની છે. આ સાયકલોથોન દ્વારા સમુદ્ર તટીય વિસ્તારોમાં માછીમારો અને યુવાનોમાં જાગૃતિ લાવવા અને રાષ્ટ્રીય સુરક્ષાને વધુ મજબૂત બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે.

# સોમવારથી મોતીતળાવ રોડ, આનંદનગર અને શિશુવિહાર સર્કલમાં વીજકાપ

## વીજ લાઈનની મરામત માટે તબક્કાવાર વીજકાપ રહેશે

ભાવનગર,તા.૭

ભાવનગર પી.જી.વી.સી.એલ. દ્વારા શહેરમાં સોમવારથી મોતીતળાવ રોડ, આનંદનગર, શિશુવિહાર સર્કલ સહિતના વિસ્તારોમાં વીજકાપ જાહેર કર્યો છે.

PGVCL ભાવનગર સિટી-૧ ડિવિઝન દ્વારા વીજળીની લાઈનના સમારકામના અગત્યના કામ અનુસંધાને આગામી તા.૯મી ફેબ્રુઆરી-૨૦૨૬ સોમવાર થી તા.૧૧મી ફેબ્રુઆરી-૨૦૨૬ બુધવારે ૧૧ કે.વી.ના મોતીતળાવ ફિડર (સિટી પાવર સ્ટેશન) અને હલુરિયા ફિડર (બંદર સ્ટેશન)માં ત્રણ દિવસ મરામતની કામગીરી દરમિયાન સવારે ૭ થી બપોરના ૧ સુધી છ કલાકનો વીજકાપ જાહેર કરવામાં આવ્યો છે.

વીજળીની લાઈનોની મરામતની કામગીરીથી તા.૯મી ફેબ્રુઆરી-૨૦૨૬ સોમવારે ૧૧ કે.વી. મોતીતળાવ ફિડર (આંશિક) નીચે આવતા મીલની માલી, રેલ્વે ફાટકથી પટેલ બોંડિંગ, ફોલ્ટ સેન્ટર સુધીનો તમામ વિસ્તારમાં વીજકાપ લદાયો છે.

તેમજ તા.૧૦મી ફેબ્રુઆરી-૨૦૨૬ મંગળવારે ૧૧ કે.વી. મોતીતળાવ ફિડર (આંશિક) નીચે મોતીતળાવ રોડ, બાળ સ્મશાનવાળા ખાંચો, કામાણી પ્લાસ્ટીક, કુંભારવાડા મોક્ષ મંદિર, કાદરી મસ્જીદ, પટેલ સોલ્ટની ઓફિસ, વિરમેઘનગર, કુંભારવાડા સ્મશાનથી કુંભારવાડા સર્કલ સુધીનો વિસ્તારમાં વીજકાપ લદાયો છે.આ ઉપરાંત તા.૧૧મી ફેબ્રુઆરી-૨૦૨૬ બુધવારે ૧૧ કે.વી. હલુરિયા ફિડર નીચેના ડો.બાબાસાહેબ આંબેડકર માર્ગ, આનંદનગર નવી એલ.આઈ.જી., વિમાન દવાખાનાથી દિપક ચોક સુધીનો વિસ્તાર, ડો.જોગદીયા હોસ્પિટલ, બોરડીગેટ પોલીસચોકી, દિપક ચોકથી શિશુવિહાર સર્કલ સુધીનો વિસ્તાર, શિશુવિહાર સર્કલથી બોરડીગેટ, દિપકચોક આજુબાજુના વિસ્તારમાં વીજકાપ રહેશે.

# વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપાયેલ જુદા જુદા કેસના આરોપીઓના જામીન ફગાવાયા

## મહિલા સહિતના આરોપીની જામીન અરજી કોર્ટે ના મંજુર કરી

ભાવનગર તા.૫

આ કામના આરોપી નિરેશભાઈ ઉર્ફે હરી ખાટાભાઈ બારૈયા (ઉ.વ.૨૮), રહે. કુડા ગામ, મામાના મંદીર પાસે, વાડી વિસ્તાર, તા.ઘોઘા, જી. ભાવનગર તથા અન્ય આરોપીઓએ તેના કબ્જા ભોગવટા વાળી મારૂતી સુઝુકી કંપનીની અટીંગ ફોરવ્હીલ કારમાં તથા રહેણાંકી મકાનમાં ભારતીય બનાવટનો પરપ્રાંતીય અલગ અલગ બ્રાન્ડનો નાની-મોટી ઈંગ્લીશ દારૂની કુલ બોટલ નંગ-૧૨૮ જેની કિં રૂા. ૧,૨૨,૧૨૫/- તથા એન્ડ્રોઈડ કંપનીનો મોબાઈલ ફોન નંગ ૨ જેની કિં .રૂા. ૧૦,૦૦૦/તથા સદરહું ઈંગ્લીશ દારૂના જથ્થાની હેરફેરમાં ઉપયોગમાં લીધેલ ફોરવ્હીલકાર જેની કિ.રૂા. ૧૦,૦૦,૦૦૦/- મળી કુલ કિં. રૂા. ૧૧,૩૨,૧૨૫/- ના પ્રોહી. ને લગતા મુદામાલ સાથે બંન્ને આરોપીઓને ઘોઘા પોલીસે ઝડપી લીધા હતા. અને બંન્ને આરોપીઓ સામે પ્રોહીબીશન ની જુદી જુદી કલમો હેઠળ ગત તા. ૨૦/૦૧/૨૦૨૬ ના રોજ ગુનો દાખલ કર્યો હતો. ઝડપાયેલા આરોપી પૈકી નિરેશભાઈ ઉર્ફે હરી ખાટાભાઈ બારૈયાએ જેલમાંથી મુક્ત થવા પોતાના વકીલ મારફતે ભાવનગરના ત્રીજા એડીશ્નલ સેસન્સ જજ એચ.એસ.દવેની અદાલતમાં જામીન અરજી રજુ કરી હતી અદાલતે સરકારી વિકલ ગીતાબા પી. જાડેજાની દલીલો, આધાર, પુરાવા, સાક્ષીઓ વિગેરે ધ્યાને રાખી આરોપીની જામીન નામંજુર કરી હતી.

જ્યારે અન્ય બનાવમાં આ કામના આરોપી કનિકા ભૈરવદત્ત જોષી ઉ.વ.૨૫, રહે. હાલ સેક્ટર-૫૯, જોલો મંત્રા પી.જી. દિલ્હી. મુળ રહે મકાન નં. ૨૨૨, શીવપુરી જવાહર જયોતી દમ્વાધુન્ગા, ગામ પોસ્ટ કાર્ડગોદામ, થાના ટીકોનીયા, તા. હલદાની, જી. નૈનીતાલ, રાજ્ય : ઉત્તરાખંડ નામની મહિલા સહિત ના ચાર આરોપીઓને ઘોઘારોડ પોલીસે ભાવનગર શહેરના અખિલેસ સર્કલ, ઘોઘા જકાતનાકા વિસ્તારમાંથી આરોપી કનિકા ભૈરવદત જોષી સહિતના ચાર આરોપીઓને ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની અલગ અલગ કંપનીની નીની મોટી કંપની સીલપેક બોટલો નંગ ૧૧૧૫ જે કુલ દારૂ લીટર ૩૪૦.૭૧ જેની કિ. રૂા. ૨,૭૧,૭૨૦/- તથા ફોર વ્હીલ ૦૨ કિ રૂા. ૮,૦૦,૦૦૦/- તથા મોબાઈલ નંગ.૩ કિ.રૂા. ૧૭,૦૦૦ જે મળી કુલ કિ રૂા. ૧૦,૮૮,૭૨૦/- ના મુદામાલ સાથે ઝડપી લીધા હતા અને ગત તા. ૨૨/૧/૨૦૨૬ ના રોજ પોલીસ સ્ટેશનમાં આરોપીઓ સામે ફરીયાદ નોંધાઈ હતી અને આરોપીઓને ઝડપી લીધા હતા ઝડપાયેલ આરોપી મહિલા એ જેલ માંથી મુક્ત થવા પોતાના વકીલ મારફતે ભાવનગરના ત્રીજા એડીશ્નલ સેસન્સ જજ એચ.એસ.દવેની અદાલતમાં જામીન અરજી રજુ કરી હતી અદાલતે સરકારી વિકલ ગીતાબા પી. જાડેજાની દલીલો, આધાર, પુરાવા, સાક્ષીઓ વિગેરે ધ્યાને રાખી આરોપીની જામીન નામંજુર કરી હતી.

# રાણપુર પોલીસ મથક સામે મહિલાનો ઝેરી દવા ગટગટાવી આત્મહત્યાનો પ્રયાસ

## પોલીસ ફરિયાદ ન લેતી હોવાનો આક્ષેપ કરી મહિલાએ વીડિયો વાયરલ કર્યો હતો

ભાવનગર,તા.૭

બોટાદ જિલ્લામાં રાણપુર પોલીસ મથક સામે મહિલાએ પોતાની વ્યથા વ્યક્ત કરતો વીડિયો વાયરલ કરી મૈત્રી કરાર કરેલા પતિ અને તેના માતા પિતા દ્વારા અપાયેલા ત્રાસની ફરિયાદ કરવા માટે આવેલી મહિલાની ફરિયાદ પોલીસ દ્વારા નહીં લેવાતા રાણપુર પોલીસ મથક સામે ઝેરી દવા ગટગટાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.

રાણપુર ખાતે રહેતી તુલસીબેન નામની મહિલા નાગનેશ ગામના શિવરાજ નામના શખ્સ સાથે મૈત્રી કરાર કરી રહેતા હતા.દરમિયાનમાં શિવરાજ અને તેના માતા પિતા તુલસીબેનને ત્રાસ આપવા લાગ્યા હતા.અને શિવરાજ મારઝૂડ કરવા લાગ્યો હતો તેવામાં તુલસીબેન રાણપુર પોલીસ મથક ખાતે શિવરાજ અને તેના માતા પિતા વિરૂધ્ધ ફરિયાદ કરવા પહોચ્યા હતા.પરતુ.રાણપુર પોલીસ મથકના અધિકારીઓ દ્વારા ફરિયાદ લેવામાં નહીં આવતા તુલસીબેને પ્રથમ રાણપુર પોલીસ દ્વારા ફરિયાદ લેવામાં નહીં આવતી હોવાનો વીડિયો વાયરલ કરી પોલીસ મથક સામે ઝેરી દવા ગગટવી આત્મહત્યાની ચીમકી ઉચારી હતી.તેમ છતાં ફરિયાદ નહીં લેવાતા તુલસીબેન એ રાણપુર પોલીસ મથકની સામે ઝેરી દવા ગટગટાવી લેતા તુલસી બેનને ગંભીર હાલતે બોટાદની હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.આ ઘટનાને લઈ સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

**ઉશ્કેરાયેલા શખ્સે કોસ વડે આડેધડ હુમલો કરી આતંક અને ભયનો માહોલ સર્જ્યો, પોલીસે ખુદે જીવ બચાવવા મથવું પડયું !**

# જેસરના ચિરોડા ગામે 112 વાનના ચાલક પર કોસ વડે ગંભીર હુમલો, પોલીસ કોન્સ્ટેબલને પણ દોડાવ્યા

**પોતાના ઘરમાં કોસ વડે તોડફોડ કરી મારવા દોડતા શખ્સને પોલીસ પકડવા જતા હુમલો કર્યો, હુમલા બાદ શખ્સ કોસ લઈને આટા મારતો રહ્યો, ડરના માર્યા કોઈ બાજુમાં ન ફરકી શક્યું, નીચે પડી ગયેલ ઈજાગ્રસ્ત ડ્રાઈવર કણસતો રહ્યો**

ભાવનગર,તા.૭

ભાવનગર જિલ્લામાં જેસર પંથકમાં એક શખ્સ પોતાના ઘરે તોડફોડ કરતો હોય કોઈએ પોલીસને જાણ કરતા ૧૧૨ જન રક્ષક વાન દોડી ગઈ હતી આથી ઉશ્કેરાયેલા શખ્સે પોલીસ અને વાનને પણ નિશાન બનાવી કોસ વડે હુમલો કર્યો હતો. ભારે ધમાલ વચ્ચે રીતસર આતંકના દ્રશ્યો જોવા મળ્યા હતા. કોસ લઈ મરવા દોડતા પોલીસ કોન્સ્ટેબલ જીવ બચાવી ભાગ્યા હતા આથી વાન પર હુમલો કર્યો હતો અને ડ્રાઈવર બહાર નીકળતા તેને છાતીમાં તેમજ પગ પર કોસ ઝીંકતા ગંભીર ઈજાઓ પહોંચી છે. હુમલા બાદ પણ શખ્સ કોસ લઈ ઘટના સ્થળે આટા મારતો રહ્યો હોય મહા મુસીબતે ઈજાગ્રસ્તનો છુટકારો થયો હતો, આખરે ૧૦૮ની મદદ લઈ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયા હતા.

આ બનાવ જેસર તાલુકાના ચિરોડા ગામે ગત સાંજે ૫ વાગ્યે બન્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર ગઈકાલે તા.૬ ફેબ્રુઆરીના સાંજે ૧૧૨ જન રક્ષક વાનને કોલ મળ્યો હતો કે, "ચિરોડા ગામે કુલદીપસિંહ દશરથસિંહ સરવૈયા નામનો શખ્સ પોતાના ઘરે તોડફોડ કરે છે અને મારવા દોડે છે.". ઘટનાની જાણ થતા ૧૧૨ વાનના ચાલક ભગીરથસિંહ ભૂપતસિંહ સરવૈયા (ઉ.વ.૩૧, રે. સાતપડા, ગારિયાધાર) પોતાના કબજાની સરકારી બોલેરો કાર નંબર જીજે ૧૮ જીઓ ૨૪૯૬ લઈને ફરજ પરના કેસરના પોલીસ કર્મચારી બહાદુરભાઈ નરશીભાઈ ડાભી સાથે ઘટના સ્થળે જવા રવાના થયા હતા. ચિરોડા ગામે લોકેશન પર જઈ તપાસ કરતા અહી માણસો એકત્ર થયેલા હતા આ સમયે પોલીસ કોન્સ્ટેબલે હંગામો મચાવી રહેલા કુલદીપસિંહ સરવૈયાને કેમ તોડફોડ કરે છે તેમ પૂછતા કુલદીપસિંહ એકદમ ઉશ્કેરાઈને તેના હાથમાં લોખંડની કોસ હતી તે લઈને પોલીસ કોન્સ્ટેબલની પાછળ મારવા દોડતા પોલીસ કોન્સ્ટેબલ બહાદુરભાઈ દોડીને દૂર જતા રહેલ જેથી તેની સુધી પહોંચી નહી શકતા આ શખ્સ ૧૧૨ જનરક્ષક બોલેરો કારની પાછળના ભાગે કોષ વડે તોડફોડ કરવા લાગ્યો હતો આ સમયે ડ્રાઈવર ભગીરથસિંહ સરવૈયા નીચે ઉતરતા આ શખ્સે તેની છાતીના ભાગે કોસ વડે હુમલો કર્યો હતો તેમજ જમણા પગે બીજો ઘા માર્યો હતો આથી તેઓ નીચે પડી ગયા હતા આ સમયે આ શખસે વધુ એક ઘા તેમના જમણા પગે નળાના ભાગે મારીને ગંભીર ઈજાઓ કરતા તેઓ ઊભા થઈ શકે તેવી સ્થિતી ન હતા. વધુમાં આ શખ્સ કોસ લઈ આંટા મારતો હતો તેને કોઈ પકડવા જાય તો મારી દે તેમ હોય કોઈ નજીક ગયેલ નહી. આખરે પોલીસ કોન્સ્ટેબલ દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરીને બોલાવી હતી જેમાં ઈજાગ્રસ્તને પ્રથમ જેસર સરકારી દવાખાને સારવાર માટે ખસેડાયેલ ત્યાં પોલીસ સ્ટાફ આવી ગયેલ અને ત્યાંથી ડોક્ટરે વધુ સારવાર માટે રિફર કરતા બાદમાં મહુવામાં વેદાંત હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાયેલ છે. તેઓને પગના ભાગે બે ફેક્ચર આવેલ તેમજ છાતીમાં મૂઢમાર વાગ્યો છે. હોસ્પિટલના બીછાનેથી ૧૧૨ના કોન્ટ્રાક્ટ પરના કર્મચારી ભગીરથસિંહ સરવૈયાએ ચિરોડા ગામના કુલદીપસિંહ દશરથસિંહ સરવૈયા સામે ફરિયાદ આપતા પોલીસે આઈપીસીની કલમ ૧૧૫(૨), ૧૧૮ (૨), ૩૨૪ (૪) અને ૧૮૫ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બહુ ચકચારી બનેલા બગદાણાના હુમલા પ્રકરણમાં જયરાજ આહીરને જેલ મુક્તિ

**માયાભાઈ આહીરના પુત્ર જયરાજ સહીત ૬ આરોપીના જામીન મંજૂર**



ભાવનગર,તા.૭

બગદાણામાં ગત તા.૨૯ ડિસેમ્બરની રાત્રે કોળી યુવાન નવનીત બાલધીયા પાર જીવલેણ હુમલો થયો હતો. આ હુમલામાં બગદાણા ગુરૂઆશ્રમના મેનેજીંગ ટ્રસ્ટીના નામ અંગે માયાભાઈએ દાયરામાં કરેલ વિધાનનો વિવાદ કારણભૂત હોવાનું બહાર આવતા અને હુમલા પાછળ તેમના પુત્ર જયરાજ આહીરનો હાથ હોવાનો આક્ષેપ થતા આ પ્રકરણ હાઈ પ્રોફાઈલ બની ગયું હતું. ચિક મુખ્યમંત્રી સુધી મામલો પહોંચતા આખરે સીટ ની રચના થઇ હતી અને રહી રહીને જયરાજ આહિરની સંડોવણી હોવાનું સ્વીકારી પોલીસે તેની ધરપકડ કરી હતી. હાલ જેલમાં બંધ જયરાજ આહીરે જમીન પાર મુક્ત થવા કોર્ટમાં અરજી કરતા ત ગ્રાહય રહી છૂહે આથી તેઓ તથા અન્ય ૫ આરોપી સાંજે સુધીમાં જેલ બહાર આવે તેવી સંભાવના છે.

ચકચારી પ્રકરણમાં જયરાજ આહીર સહિત ૬ આરોપીના આજે મહુવા કોર્ટે જામીન મંજૂર કર્યા છે. જયરાજ આહીરના વકીલ ગુણવંત આહીરે માહિતી આપતા જાહેર કરતા જણાવ્યું કે, આજરોજ મહુવા કોર્ટે જયરાજ આહીર સહિત ૬ શખસની શરતી જામીન અરજી મંજુર કરી છે. સાંજ સુધીમાં જયરાજ જેલમાંથી મુક્ત થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે, નવનીત બાલધિયા પર હુમલો કરવાના કેસમાં જયરાજ આહીર, નાજુ કામળીયા, કાના ભીખાભાઇ કામળિયા, સંજય બેચરભાઈ ચાવડા, દિનેશ ઉર્ફે દાદુ લોમાભાઈ સોલંકી અને અજય ઉર્ફે મોટો મનજીભાઈ ભાલીયાની ગઈકાલે મહુવા કોર્ટમાં તેના વકીલ મારફત જેલમુક્ત થવા જામીન અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. બન્ને પક્ષોના વકીલો દ્વારા લાંબી દલીલો કરવામાં આવી હતી. જેમા આજે કોર્ટે આરોપીઓના જામીન મંજૂર કર્યા છે. આ ગૌ ૨ ફેબ્રુઆરીએ આ કેસના અન્ય ૮ આરોપીને જામીન મળતા જેલ મુક્તિ થઇ હતી.

# કાયદો વ્યવસ્થા સંદર્ભે ભાવનગર જિલ્લાની જવાબદારી DIG હિતેશ જોયસરને સોપાઈ

**દર મહિને જિલ્લાના પોલીસ મથકની મુલાકાત લઈ અરજદારોને રૂબરૂ સાંભળી લોકપ્રશ્નોનો નિવેડો લાવશે**

ભાવનગર,તા.૭

રાજ્યના ૩૫ જેટલા સિનિયર આઇ.પી.એસ. અધિકારીઓને જે તે જિલ્લાની જવાબદારી સોંપવામાં આવી છે અને પોલીસ સંબંધિત અરજીઓમાં થયેલી રજૂઆતો સાંભળી, અરજદારોને રૂબરૂ સાંભળી તેના પ્રશ્નોના નિરાકરણ લાવવા સુચનો કરાયા છે. જેને લઈને ડી.આઇ.જી. રેન્કના આઇ.પી.એસ. હિતેશ જોયશરને ભાવનગર જિલ્લાની જવાબદારી સોંપાઇ છે અને દર માસના એક સપ્તાહે જિલ્લાની પોલીસ મથકોની મુલાકાત લેવા આદેશ કરાયો છે.

ગુજરાત રાજ્યમાં સરકાર સમક્ષ પોલીસ સંબંધીત ફરિયાદોમાં દિન પ્રતિદીન વધારો થઇ રહ્યો છે. સાથે સાથે ગૃહ વિભાગને પણ મળતા પ્રશ્નો, રજૂઆતોને સંદર્ભે સંબંધિત પોલીસ તંત્રમાં સમયસર ઉકેલ આવતો નથી. જે મામલે ગૃહ વિભાગના અગ્રસચિવ નિપુર્ણા તોરવણે દ્વારા રાજ્યના ૩૫ સિનિયર આઇ.પી.એસ.ને જિલ્લાઓની ફાળવણી કરાઈ છે. જેમાં ભાવનગર જિલ્લાની જવાબદારી ડી.આઇ.જી. રેન્કના આઇ.પી.એસ. અધિકારી હિતેશ જોયશરને જવાબદારી સોંપાઇ છે. તેમણે દર માસના પ્રથમ સપ્તાહે ભાવનગર જિલ્લાની મુલાકાત કરી, પોલીસ અધિક્ષકની કચેરી, પોલીસ સ્ટેશન, SDPO કચેરીની મુલાકાત લેવાની રહેશે.

વર્ષ દરમિયાન જીલ્લાના મહતમ પોલીસ મથકોની મુલાકાત કરી પોલીસ અધિક્ષકની કચેરીઓ તરફથી મળતી અરજીઓ, સ્થાનિક કક્ષાએ આવેલ અરજીઓનું યોગ્ય અને સમયમર્યાદામાં નિરાકરણ કરી, અરજદારને સંતોષ થયો છે કે નહી તેની ખાતરી કરવાની રહેશે. જિલ્લા એસ.પી. અને રેન્જ IGને પોલીસ મથકોની મુલાકાત લેવા ગૃહ વિભાગ દ્વારા આદેશો કરાયા છે.

# એસટી બસમાં નેસડાના મહિલાને માર મરાયો

**સીટ પર બેસવા બાબતે માથાકૂટ થતા મહિલા અને પુરુષે કર્યો હુમલો**

ભાવનગર,તા.૭

ભાવનગરના નેસડા ગામની આધેડ મહિલા એસ.ટી. બસ મા જતા હોય બોટાદ એસટી ડેપોમાં જગ્યા બાબતે એક અજાણી મહિલા એ ઝઘડો કરી તેની સાથેના એક અજાણ્યા શખ્સે આધેડ મહિલાને માર માર્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ નેસડા ગામે રહેતા પ્લોટ વિસ્તારમાં રહેતા અશોકભાઇ માસાભાઇ હુંબલે પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના માતા દેવુબેન હુંબલ, દિકરી હેતાંશી તથા પુત્ર દિવ્ય ત્રણેય લોકો ભાવનગર-વાંકાનેર એસ.ટી. બસમા નેસડા ગામ ખાતેથી ચોટીલા ખાતે માતાજીના દર્શન કરવા માટે નીકળેલ હતા. જે દરમિયાન એસ.ટી. બસમાં હોલ્ટ આવતા તેમના માતા સહિત ત્રણેય લોકો બસની નીચે ઉતરેલ અને હોલ્ટ પુરો થતાં બસમાં તેઓ સીટ ઉપર બેસવા જતાં અજાણી મહીલા તેમની સીટ ઉપર બેસી ગયેલ.

આથી મહિલાને સીટ ઉપરથી ઉભા થઇ જવાનું જણાવતા અજાણી મહિલા અને અજાણ્યા પુરુષે દેવુબનને મારમારી, જાનથી મારી નાંખવાની ધમકી આપતા અશોકભાઇ મસાભાઇ હુંબલે બંન્ને શખ્સો વિરૂદ્ધ બોટાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.








